# હવે, તો યુદ્ધ એ જ કલ્યાણ...

**તંત્રી સ્થાનેથી...**

આજે બપોરે કાશ્મીરના અવંતીપુરા વિસ્તારમાં જૈશે મહંમદ આતંકવાદી સંગઠને સીઆરપીએફની બટાલીયન પર કરેલા ભિષણ હુમલાથી દેશભરમાં આક્રોશ છે. ૪૪ જવાનોની શહીદી અને પાંત્રીસથી વધુ જવાનો ઈજાગ્રસ્ત થતાં દેશ હચમચી ગયો છે. ક્યાં સુધી થાગડથીગડ પગલાં લઈને નવજવાનોના લોહી વહેવડાવીશું. આઝાદીથી આજ સુધી કાશ્મીરના પ્રશ્ને નથી કોઈ અસરકારક નિર્ણય લેવાયો કે નથી કોઈ અસરકારક પગલાં લેવાયા. તમામ રાજકીય પક્ષો અને તમામ શાસકોએ માત્ર અને માત્ર વાતોના વડા કર્યા છે. કાશ્મીરની પ્રજાને ગેરમાર્ગે દોરી છે અને દેશની પ્રજાને આશ્વાસનો આપ્યા છે. હવે દેશ સહેજે સહન કરવાના મુડમાં નથી. આરપારની લડાઈ લડવી પડે તો લડી જ નાંખવી જોઈએ. સમગ્ર દેશવાસીઓના મનમાં એક જ ભાવ છે હવે યુદ્ધ એજ કલ્યાણ.

કાશ્મીરના પ્રશ્ને સાત દાયકામાં સેંકડો નવજવાન સૈનિકોએ શહીદી વ્હોરી છે. કાશ્મીરની પ્રજાએ અસહ્ય પીડા સહન કરી છે. આપણા અર્થતંત્રએ અબજોનો બોજ સહન કર્યો છે. ભાષણો ખૂબ સાંભળ્યા, મંત્રણાઓના ફોટા બહુ જોયા, શાંતિવાર્તાઓ ખૂબ જ થઈ, હોંકારા-દેકારા પણ ખૂબ કર્યા. પણ નક્કર કશુ જ ન થયુ. માત્ર રાજકારણના રોટલા શેકાયા. સ્વાર્થી સત્તાની લાલચમાં આતંકવાદને ઘરમાં ઘુસાડ્યો. આતંકવાદ માટે કોઈ જ્ઞાતિ નથી, કોઈ ધર્મ નથી, કોઈ સમાજ નથી. દેશની સુખ-શાંતિ અને વિકાસ માટે આતંકવાદ સામે લાલ આંખ કરવાનો સમય હવે ચૂકી જવા જેવો નથી. રાજકારણની અને ચૂંટણીની વાતો એક વર્ષ મોકુફ રાખીને આતંકવાદ સામે આરપારની લડાઈ લડવાનો સમય આવી પહોંચ્યો છે. પછી ભલે આ આતંકવાદની પાછળ પાડોશી દેશ હોય કે વિદેશી તત્વો હોય. કોઈ આતંકી જૂથ હોય કે અરાજક તત્વો હોય પણ હવે કોઈ પણ ભોગે - કોઈપણ સંજોગે લડાયક મિજાજ બતાવવો જ પડશે. હવે મુલાકાતો, આશ્વાસનો, ચર્ચાઓ, ખોખલાં ભાષણો, નાના મોટા છમકલાં દેશને નથી ખપતાં. હવે તો માત્ર અને માત્ર જડબાતોડ જવાબ આપવો જ પડે. તમામ રાજકીય પક્ષો, તમામ રાજકીય નેતાઓ પોતાના મતભેદોને કોરાણે મુકીને એક બની, નેક બનીને આતંકવાદ સામેના યુદ્ધમાં સેનાની પડખે ઉભા રહે એ જ સમયની માંગ છે. સમગ્ર દેશ એ જ સમયની રાહ જુએ છે કે ક્યારે કાશ્મીર માટે આરપારની લડાઈ લડી નાંખીએ. હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૩૪ | ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૯, શુક્રવાર; મહા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પુલવામામાં આતંકી હુમલામાં ૪૪ જવાનો શહીદ

## વિસ્ફોટક ભરેલી ગાડી સાથે ત્રાસવાદીઓ પહોંચ્યા બાદ બ્લાસ્ટ કરાયો અને અંધાધૂંધ ગોળીબાર કરાયો : જૈશે વિનાશક હુમલા માટેની જવાબદારી સ્વીકારી

શ્રીનગર,નવીદિલ્હી, તા. ૧૪

જમ્મુ કાશ્મીરમાં પુલવામા જિલ્લામાં આતંકવાદીઓએ આજે એક મોટા હુમલાને અંજામ આપ્યો હતો. ઉરી-૨ તરીકે કરવામાં આવેલા આ હુમલામાં સીઆરપીએફના ૪૪થી વધુ જવાનો શહીદ થઈ ગયા હતા અને મોટી સંખ્યામાં જવાનો ઘાયલ થયા હતા. ગુપ્તરીતે બીછાવવામાં આવેલી જાળ હેઠળ આ ભીષણ હુમલાનો અંજામ આપવામાં આવ્યો હતો જેમાં સીઆરપીએફના જવાનો ફસાયા હતા. આજે સાંજે પુલવામામાં હુમલા કરવામાં આવ્યો હતો. ઉરીમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો પર આને સૌથી મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. શ્રીનગર-જમ્મુ હાઈવે ઉપર સ્થિત અવન્તીપોરા વિસ્તારમાં આ હુમલો થયો હતો. આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે હુમલાની જવાબદારી સ્વીકારી લીધી છે. આદિલ અહેમદ દાર નામના આતંકવાદીએ સીઆરપીએફ કાફલા ઉપર હુમલા માટેની





જવાબદારી સ્વીકારી છે અને કાવતરુ પણ રચ્યું હતું. આતંકવાદી દાર કાકાપોરા વિસ્તારોનો નિવાસી છે. સીઆરપીએફની ૫૪મી બટાલિયનના જવાનો પર આ હુમલાનો અંજામ આપવામાં આવ્યો હતો. વિસ્ફોટક સાથે ભરેલી એક ગાડીને લઈને જૈશના ત્રાસવાદી આદિલે સીઆરપીએફ જવાનોના કાફલાની બસમાં અથડાવી હતી. હુમલા બાદ જવાનોએ પણ કાર્યવાહીના પ્રયાસ


● અનુસંધાન પાના - ૭ પર


## ન્યુઝ ટ્રેક

**શર્મિષ્ઠા મુખર્જીનુ રાજીનામુ**

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની દીકરી શર્મિષ્ઠા મુખર્જીએ દિલ્હી કોંગ્રેસ મીડિયા પ્રમુખપદેથી રાજીનામુ આપી દીધુ છે. શર્મિષ્ઠાએ પોતાના પદેથી રાજીનામુ આપ્યુ છે, પરંતુ તેઓ મહિલા કોંગ્રેસ અધ્યક્ષપદે રહેશે. શર્મિષ્ઠાની જગ્યા રમાકાંત ગોસ્વામીને મીડિયા પ્રમુખપદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

**વંદે ભારત એક્સપ્રેસ માટે બુકીંગ શરૂ**

ભારતની સૌથી વધુ ઝડપી ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ માટે બુકીંગ શરૂ કરાયું છે. ટ્રેન-૧૮નું નામ વંદે ભારત એક્સપ્રેસ કરાયુ છે. આ ટ્રેન દિલ્હી અને વારાણસીની વચ્ચે દોડશે. આ ટ્રેન ૧૮૦ કિ.મી.ની ઝડપે દોડશે.

**નાઈજીરીયામાં ગવર્નરના કાફલા પર હુમલો**

ઉત્તર પૂર્વ નાઈજીરીયાના બોર્નો પ્રાંતના ગવર્નરના કાફલા પર બોકો હરામે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. આ હુમલામાં ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા છે.

**અમેરિકાના નાગરિકોને પાક.નો પ્રવાસ ન કરવા અપીલ**

આતંકવાદી હુમલો થવાના ભયે અમેરિકાએ પોતાના નાગરિકોને પાકિસ્તાનની યાત્રા ન કરવાની સલાહ આપી છે. ખાસ કરીને પીઓકે, બલૂચિસ્તાન અને ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતની યાત્રા ટાળવામાં આવે તેવું કહેવામાં આવ્યુ છે.

# જવાનોનુ બલિદાન વ્યર્થ જશે નહીં : મોદીની ચેતવણી

## કેન્દ્ર સરકાર એક્શન મોડમાં આવી : શહીદોના પરિવાર સાથે દેશના લોકો ઉભા છે : હુમલાનો બદલો લેવાશે જ

શ્રીનગર-નવી દિલ્હી, તા. ૧૪

જમ્મુ કાશ્મીરમાં પુલવામામાં સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ બનાવીને ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ દેશભરમાં આક્રોશનું મોજુ ફરી વળ્યું છે. આતંકવાદીઓને બોધપાઠ ભણાવવાની માંગ ઉઠી રહી છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદી હુમલો થયા બાદ ટ્વિટ મારફતે પોતાની આકરી પ્રતિક્રિયા આપી હતી. મોદીએ કહ્યું હતું કે, આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાની તેઓ કઠોર શબ્દોમાં નિંદા કરે છે. સીઆરપીએફના જવાનોના બલિદાનને વ્યર્થ જવા દેવાશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, શહીદ થયેલા જવાનોના પરિવાર પ્રત્યે સમગ્ર દેશના લોકો ઉભા છે. મોદીએ કહ્યું હતું કે, ગૃહમંત્રી રાજનાથસિંહ સાથે વાતચીત થઈ છે. અન્ય સંબંધિતો સાથે પણ વાતચીત કરવામાં આવી છે. એકબાજુ રાજનાથસિંહ આવતીકાલે જમ્મુ કાશ્મીર પહોંચી રહ્યા છે. બીજી બાજુ સુરક્ષા રણનીતિ ઉપર પણ ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે. આવતીકાલે પણ વાતચીતનો સિલસિલો યથાવતરીતે જારી રહી શકે છે. ભાજપના વરિષ્ઠ નેતાઓએ પણ આકરી પ્રતિક્રિયા આપી છે અને આતંકવાદીઓને યોગ્ય બોધપાઠ ભણાવવામાં આવશે તેવી વાત કરી છે. કેન્દ્રીયમંત્રી અરુણ જેટલીએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, હુમલા માટે જવાબદાર આતંકવાદીઓને બોધપાઠ ભણાવવામાં આવશે. શહીદોના બલિદાનનો બદલો લેવાની પણ જેટલીએ વાત કરી હતી. અત્રે નોંધનીય છે કે, વિતેલા વર્ષોમાં જ્યારે ઉરીમાં ત્રાસવાદીઓએ હુમલો કર્યો ત્યારે દિવસોના ગાળા બાદ જ પાકિસ્તાનમાં ઘુસી જઈને ભારતીય સેનાએ સર્જિકલ હુમલા કર્યા હતા અને મોટી સંખ્યામાં આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આજે કરાયેલા હુમલા બાદ મોદીએ કહ્યું હતું કે, જવાનો પર થયેલો હુમલો ઘૃણાસ્પદ છે.

# પુલવામાના હુમલા મામલામાં એનઆઈએ દ્વારા તપાસ થશે

નવી દિલ્હી,તા. ૧૪

જમ્મુ કાશ્મીરમાં પુલવામા જિલ્લામાં સીઆરપીએફના કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ હુમલાની તપાસ માટે એનઆઈએની ટીમ આવતીકાલે પહોંચશે. આ હુમલા બાદ કેન્દ્ર સરકારે તપાસની જવાબદારી એનઆઈએને સોંપી દઈને આના માટે એક મોટી ટીમની રચના કરી દીધી છે. આ ટીમમાં ફોરેન્સિક નિષ્ણાતો અને આઈજી રેંજના વરિષ્ઠ અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારના નિર્દેશ બાદ રાષ્ટ્રીય તપાસ સંસ્થાની એક ટીમ શુક્રવારે સવારે દિલ્હીથી શ્રીનગર રવાના થશે. આઈજી રેંકના અધિકારી સહિત કુલ ૨૨ સભ્યો આમા સામેલ થશે. આ ટીમમાં ફોરેન્સિક નિષ્ણાતોને પણ લેવામાં આવ્યા છે. અવંતીપોરામાં આતંકવાદી હુમલાની જગ્યા ઉપર પહોંચીને તપાસ કરવામાં આવશે. પુરાવા એકત્રિત કરવામાં આવશે. જમ્મુ કાશ્મીરમાં હુમલા બાદ શ્રીનગરથી દિલ્હી સુધી ઉચ્ચ સ્તરીય બેઠકોનો દોર ચાલી રહ્યો છે. દિલ્હીમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલે પણ બેઠક કરી છે. શુક્રવારે શ્રીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાશે. ૪૨ જવાનોના મોત બાદ દેશભરમાં ખળભળાટ મચી ગયો છે.

# દેશને હચમચાવતી વિગતો

- જમ્મુ કાશ્મીરના પુલવામામાં સાંજે સીઆરપીએફના કાફલા ઉપર હુમલો કરાયો
- શ્રીનગર-જમ્મુ હાઈવે ઉપર સ્થિત અવન્તીપોરા વિસ્તારમાં હુમલો કરાયો
- દક્ષિણ કાશ્મીરના અનેક વિસ્તારો સહિત દેશભરમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી
- પુલવામા હુમલાની જવાબદારી ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદે સ્વીકારી
- વિડિયો જારી કરીને હુમલા અંગેની જૈશે મોહમ્મદે જવાબદારી લીધી
- પુલવામા હુમલામાં સીઆરપીએફના ૪૪થી વધુ જવાનો શહીદ થયા અને મોટી સંખ્યામાં જવાનો ઘાયલ થયા
- આતંકવાદીઓએ પહેલા હાઈવે ઉપર ઉભેલી એક કારમાં પ્લાન્ટ કરવામાં આવેલા આઈઈડીમાં બ્લાસ્ટ કર્યો અને અંધાધૂંધ ગોળીબાર કર્યો
- હુમલા બાદ ઘાયલ જવાનોને તરત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા
- પ્રચંડ હુમલામાં ઘટનાસ્થળે જ ૧૬થી વધુ જવાનો શહીદ થયા અને અન્ય જવાનો હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા



- આ કાફલા ઉપર હુમલો તે વખતે કરવામાં આવ્યો જ્યાં જમ્મુથી શ્રીનગર તરફ જઈ રહ્યો હતો અને ૨૦૦૦ જવાનો સામેલ હતા
- ભીષણ હુમલાની માહિતી મળ્યા બાદ પુલવામામાં તૈનાત સેના, જમ્મુ કાશ્મીર પોલીસ અને સીઆરપીએફની અન્ય કંપનીઓને અવન્તીપોરા મોકલવામાં આવી
- સેનાએ જમ્મુ-શ્રીનગર હાઈવે પર ટ્રાફિક બંધ કરીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું
- દેશભરમાં હાઈએલર્ટ વચ્ચે વાહનોની ચકાસણી તીવ્ર કરવામાં આવી
- જમ્મુ કાશ્મીરના પુલવામામાં કરાયેલા હુમલા પહેલા અગાઉ પણ હુમલાના પ્રયાસ કરાયા હતા
- ત્રાસવાદીઓ જે હુમલો કર્યો તેની યોજના ઉરીના માસ્ટરમાઈન્ડ મસુદ અઝહર દ્વારા રચવામાં આવી હતી
- જૈશના ત્રાસવાદીઓ દ્વારા હુમલા અંગે ફોટા જારી કરીને માહિતી આપવામાં આવી
- હુમલામાં ત્રાસવાદી આદિલ અહેમદ દારની મુખ્ય ભૂમિકા દર્શાવાઈ
- ઈન્ટેલિજન્સ એજન્સીઓએ આપ્યું હતું એલર્ટ
- ૨૦૧૬માં ઉરી હુમલામાં સેનાના ૧૮ જવાનો શહિદ થયા હતા

# મસુદ અઝહરે હુમલાનું કાવતરું ઘડ્યું

શ્રીનગર, તા. ૧૪

જમ્મુ કાશ્મીરના પુલવામા જિલ્લામાં કેન્દ્રીય સુરક્ષા દળોના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ ઉંડી શોધખોળ ચાલી રહી છે ત્યારે જૈશે મોહમ્મદે હુમલાની જવાબદારી સ્વીકારી છે. ઉરીના માસ્ટરમાઈન્ડ મસુદ અઝહરે સીઆરપીએફ હુમલા માટેનું કાવતરું ઘડ્યું હતું. હુમલાની જવાબદારી લેનાર ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદ તરફથી એક ત્રાસવાદીનો ફોટો પણ જારી કરવામાં આવ્યો છે જેને હુમલા માટે જવાબદાર ગણવામાં આવ્યો છે જે આતંકવાદીના આ હુમલામાં સામેલ હોવાની બાબત સપાટી ઉપર આવી છે તે પુલવામાના કાકાપોરા વિસ્તારનો નિવાસી છે. પુલવામાના વકાસ નામના શખ્સે આ હુમલાનો અંજામ આપ્યો હતો. જૈશે મોહમ્મદના અફઝલ ગુરુ ટોળકીનું નામ આમા ખુલ્યું છે. જૈશે હુમલાની જવાબદારી સ્વીકારીને આતંકવાદી આદિલ અહેમદ દારનો ફોટો જારી કર્યો છે. પુલવામાના હુમલામાં આજે ૩૦થી વધુ સીઆરપીએફ જવાનો શહીદ થયા હતા. જુદી જુદી ટીમો દ્વારા ઉંડી તપાસ ચાલી રહી છે ત્યારે આ હુમલો કરાતા દેશભરમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે.


**જોઈએ છે**

ઓફિસ બોય (પ્યુન)
બાયોડેટા સાથે રૂબરૂ મળો.
**સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.**
૩૦૧, શાલીન કોમ્પ્લેક્ષ,
સેક્ટર-૧૧, ગાંધીનગર
**સમય : ૧૧ થી ૨, શનિવાર, તા. ૧૬-૨-૨૦૧૯**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

કપલ / ફેમીલી/ LTC/ AIR પ્રવાસો

| | |
|---|---|
| લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક આઇલેન્ડ |
| ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી |
| ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રી-કેદાર-ગંગોત્રી-યમુનોત્રી |
| સિમલા-મનાલી ડેલહાઉસી અમૃતસર | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર |
| કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા |
| બેંગ્લોર-મૈસુર સહ દક્ષિણ ભારત | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી |

By Helicopter કૈલાસ માનસરોવર તથા ચારધામ
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ
સી.જી.રોડ,અમદાવાદ
Ph.26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

nift
નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (નીફ્ટ), ગાંધીનગર.
(વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર)
નિફ્ટ કેમ્પસ, ઈન્ફોસીટીની પાછળ, ઘ-૦ રોડ પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૭.
હસ્તકલા ચીજ વસ્તુનાં પ્રદર્શન-સહ-વેચાણ મુલાકાત માટે જાહેર નિમંત્રણ
ગુજરાતની વિવિધ કલાઓને પ્રોસ્તાહન પુરું પાડવા માટે
"ક્રાફ્ટ બાઝાર ૨૦૧૯"
પ્રદર્શનનું આયોજન કરેલ છે. આ પ્રદર્શન - સહ - વેચાણ નીફ્ટ ગાંધીનગરનાં પ્રાંગણમાં **તારીખ ૧૬ અને ૧૭ ફેબ્રુઆરીનાં** રોજ સમય ૧૧:૦૦ થી ૬:૦૦ સુધી યોજાશે જેમાં ગુજરાતનાં કારીગરો વિવિધ હસ્ત કલા ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ કરશે જેની મુલાકાત લેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.
નિયામક

GATEFORUM AHMEDABAD
eGATE OTG DLP IES eLP
GATE/IES '20/21
ADMISSIONS IN PROGRESS
GATE/PSU/IES Preparation by Expert Faculties.
The GATEFORUM Advantage
● India's Best pool of GATE Faculties. ● Small Batch Size
● High Quality Study Material ● Gdrive with Digital Content
● Live Vidio Lectures ● Consistent Results ● PAN India Network
GATEFORUM Engineering Success
www.gateforum.com
Kameshwar Education Campus,
Jodhpur Cross Road, Ahmedabad.
M : 7043011190.